**647510** **23MA01GujC101x** **Seat No :________**

## M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
## Nov/Dec-2023 (SYLLABUS YEAR JUNE-2023)
## BHASHA SAHITYA KAUSHAL (Core)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ કવિતાનો રસલક્ષી આસ્વાદ કરાવો. (૧૪)

કીકી કરું બે નભતારલીની
ને મીટમાં માપું દિગંતરાલને,
અખંડ દેખું પળમાં ત્રિકાલને.

સંધ્યા-ઉષાની સજી પાંખજોડલી
યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો;
સ્વર્ગમાં ઝૂકવું ચન્દ્રહોડલી,
સંગીતનું વા ધૂમકેતુ-પંથનો.

વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું;
પાંખોપ્રકાશે-તિમિરે ઝબોળી
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરું ધૂળ વસુન્ધરાની

- ઉમાશંકર જોશી

અથવા

પ્રશ્ન.૧ કવિતાનું આસ્વાદ લેખન કરો.

મારા ખેરતને શેઢેથી
'લ્યા, ઊડી ગઈ સારસી !
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે,
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠરી દે આ તાપણીમાં
ભારવેલો અગનિ.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ
બળદને હળે હવે જોતરીશ નંઈ...
મારા ખેરતને શેઢેથી - -રાવજી પટેલ

પ્રશ્ન.૨ ગદ્યખંડનું સારલેખન કરી યોગ્ય શીર્ષક આપો. (૧૪)

"સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારું અહિંસા એ જ એક માર્ગ છે એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો પણ વચન વ્યર્થ નથી. મારી અહિંસા સાચી તોયે કાચી છે, અપૂર્ણ છે. તેથી મારી સત્યની ઝાંખી હજારો સૂરજને એકઠા કરીએ તો પણ જે સત્યરૂપી સૂરજના તેજનું પૂરું માપ ન મળી શકે એવા સૂરજના એક કિરણમાત્રના દર્શનરૂપે જ છે. એનું સંપૂર્ણ દર્શન અહિંસા વિના અશક્ય છે એટલું તો હું મારા આજ લગીના પ્રયોગોને અંતે અવશ્ય કહી શકું છું. આવા વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શનને સારું જીવન પ્રત્યેની આત્મવત પ્રેમની આવશ્યકતા છે અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રે બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્યપ્રકરણમાં ખેંચી ગઈ છે. ધર્મને રાજ્ય પ્રકરણની સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેતાં મને સંકોચ નથી થતો. એમ કહેવામાં હું અવિનય નથી કરતો."

-ગાંધીજી

અથવા

પ્રશ્ન.૨ ગદ્યખંડનું વિવરણ કરો.

"કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાલા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે, સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય."

- સુન્દરમ્

પ્રશ્ન.3 મંદાક્રાન્તા, મનહર, શિખરિણી, પૃથ્વી, ચોપાઈ છંદની સદૃષ્ટાંત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.3 છંદ સ્વરૂપ, બંધારણ અને તેનાં વિવિધ પ્રકારો ઉદાહરણ સાથે આલેખો.

પ્રશ્ન.૪ શબ્દાલંકાર અને અર્થાલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ અલંકાર સંજ્ઞા, અર્થ મહિમા સાથે તેના વિવિધ પ્રકારોનું વિગતે આલેખન કરો.

પ્રશ્ન.૫ ટૂંકનોંધ લખો. (કોઇપણ બે) (૧૪)

1. ગુજરાતીમાં જોડણી વ્યવસ્થા વિશે ટૂંક નોંધ લખો.
2. પ્રૂફ- વાચનની મુખ્ય સંજ્ઞાઓ ટૂંકમાં આલેખો.
3. રૂપક અલંકાર ઉદાહરણ સાથે લખો.
4. શાર્દૂલ વિક્રીડિત છંદ સદૃષ્ટાંત સમજાવો.

*************************